સુયશના ગયા પછી એ ઓરડો અચાનક ભેંકાર અને ભયાનક લાગવા માંડ્યો. હજુ તો માંડ સવારના સાડા છ થયેલા. થોડી હિંમત કરીને હોટેલની બારીમાંથી અજવાળું ધીમે ધીમે અંદર પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલું, પણ ગઈ રાતે બંધ થયેલા પડદાને લીધે, થોડો ખચકાટ અનુભવતું હતું.

આવા જ કેટલાક પડદા સ્વીકૃતિના મન પર પડેલા હતા, જે બહારના અજવાળાને અંદર આવતું અટકાવી રહ્યા હતા. જેટલું અંધારું એ ઓરડામાં હતું, એનાથી અનેકગણું વધારે સ્વીકૃતિના મનમાં ઘેરાયેલું હતું. ગઈ રાતે કોઈના સહવાસથી જે રૂમ સુગંધીદાર અને સભર લાગતો હતો, એ જ ઓરડો હવે સ્વીકૃતિને ઉજ્જડ અને ડરામણો લાગવા માંડ્યો. એ રૂમમાં એક ક્ષણ પણ એકલી વિતાવી શકે, તે એવી અવસ્થામાં નહોતી.

સ્વીકૃતિ દેખાવમાં સાધારણ હતી. સમાજ અને બજારે નક્કી કરેલી સુંદરતાની વ્યાખ્યામાં, તે કોઈ રીતે ગોઠવાઈ શકે તેમ નહોતી. મેદસ્વી કે ઓવર-વેઇટ કહી શકાય, એટલી હદ સુધી તંદુરસ્ત હતી. પરફેક્ટ ફિગર કે આકર્ષક દેહાકૃતિ ન ધરાવતી હોવા છતાં પોતાની સાથે સમય વિતાવવા માટે તે સુયશને મનાવી શકેલી. પણ અફસોસ, પરસ્પર લાભ સાથે શરૂ થયેલી કેટલીક મિત્રતા જાતીય આવેગોના શમ્યા પછી ફિક્કી, બેસ્વાદ અને સાધારણ બની જાય છે. એક સુંવાળા સહવાસથી શરૂ થયેલી કેટલીક મુલાકાત બહુ ગંદી અને ઘૃણાસ્પદ લાગણીમાં પરિણમતી હોય છે.

રડમસ ચહેરા સાથે સ્વીકૃતિએ હોટેલમાંથી ચેક-આઉટ કર્યું ત્યારે એક રૂંધાયેલું રુદન અને દબાયેલી ચીસ ઑલરેડી તેની અંદર ચેક-ઇન કરી ચૂક્યાં હતાં. તે પોતાના ઍક્ટિવા પાસે પહોંચી. શું કરવું? ક્યાં જવું? તેને સમજાતું નહોતું. એક નવાનક્કોર દિવસના ઊગવા બદલ, તેને અફસોસ થઈ રહ્યો હતો. ઍક્ટિવા પાસે ઊભાં ઊભાં તેણે પોતાનો ફોન અનલૉક કર્યો. વૉટ્સ-ઍપના મેસેજીઝ જોયા. પછી ઇન્સ્ટાગ્રામ ખોલ્યું. ગઈ સાંજે મૂકેલી પોસ્ટ પર કેટલી કમેન્ટ્સ અને લાઇક્સ આવેલી, એના પર નજર ફેરવી. પછી ઇન્સ્ટાગ્રામના મેસેજીઝ ચેક કર્યા. પછી પોતાની સ્ટોરી પર કોણે-કોણે લવ રિઍક્ટ કરેલું, એ પણ જોઈ લીધું.

થોડી જ ક્ષણો પછી તેનો અજંપો તેને ફેસબુક પર લઈ ગયો. પછી ટ્વિટર પર. પછી તેણે ઈ-મેઇલ્સ ચેક કર્યા. પછી ફરી એક વાર વૉટ્સ-ઍપના મેસેજીઝ જોયા. એક અજ્ઞાત અજંપો એને હંફાવી રહ્યો હતો. સ્વીકૃતિ કશાકની શોધમાં હતી. અલગ અલગ ઍપ્સ પર જઈને સવાર સવારમાં, એ શું શોધી રહી હતી? કદાચ પ્રેમ. રેકગ્નિશન. પ્રશંસા.

આભાસી વિશ્વમાં વાસ્તવિક લાગણીઓ શોધનારા બહુ જલદી નિરાશ થઈ જતા હોય છે. થોડી ક્ષણોના સ્ક્રોલિંગ પછી સ્વીકૃતિ પણ નિરાશ થઈ ગઈ. જીન્સના પૉકેટમાં ફોન મૂકીને, તેણે ઍક્ટિવા મારી મૂક્યું.

■

સ્વીકૃતિએ ધ્રુવીના ઘરની ડોરબેલ વગાડી. હાથમાં ચાનો કપ લઈને સૌમ્ય ચહેરા સાથે ધ્રુવીના પપ્પાએ બારણું ઉઘાડ્યું.

'અરે કૃતિ બેટા, તું? આટલી સવાર સવારમાં? બધું ઓકે છે ને?' મેહુલના અવાજમાં એક હૂંફ, નિસબત અને પોતીકાપણું હતું.

'અફકોર્સ અંકલ. બધું ઓકે છે.' પરાણે સ્મિત કરીને સ્વીકૃતિએ કહ્યું. મનની અંદર ઉદાસીનો નગ્ન નાચ ચાલુ હોય ત્યારે ચહેરા પર પહેરેલા કૃત્રિમ સ્મિતનો પણ ભાર લાગતો હોય છે.

'અંદર આવ ને બેટા.' મેહુલે કહ્યું. ખચકાતાં પગલે સ્વીકૃતિ ઘરની અંદર પ્રવેશી.

'ધ્રુવી તો હજુ સૂતી છે. ચા પીશ અમારી સાથે?' મેહુલે પૂછ્યું. પછી રસોડા તરફ નજર કરીને ઊંચા અવાજે કહ્યું, 'માલતી, એક કપ ચા લેતી આવ ને. કૃતિ આવી છે.'

ધ્રુવીનાં મમ્મી તાત્કાલિક રસોડામાંથી બહાર આવ્યાં. 'આવ આવ બેટા. ઘરે બધાં મજામાં?'

'હા, આન્ટી.' ધીમા અવાજે સ્વીકૃતિએ કહ્યું.

'બેસ, બેટા. ચા લેતી આવું.' કહીને માલતી અંદર ચાલી ગઈ.

એક અણગમતી સવારનો ભાર લઈને સ્વીકૃતિ લિવિંગ રૂમના સોફા પર બેસી ગઈ. જીવનનો એ સૌથી ક્રૂર અને કષ્ટદાયક તબક્કો હોય છે જ્યારે માનસિક તકલીફોની રજૂઆત કરવા કોઈએ પોતાના ઘરને બદલે, એક મિત્રના ઘરે જવું પડે.

એક અજંપાભરી શાંતિ અને વિચિત્ર મૌન સ્વીકૃતિનો જીવ લઈ રહ્યું હતું. તેને સમજાતું નહોતું કે અંકલ સાથે શું વાત કરવી? સવાર સવારમાં શું કામ આવી ગઈ છું? એવું તો શું કામ પડ્યું છે મારે ધ્રુવીનું? એ આવું વિચારતી હતી, એ જ સમયે

તેના ફોનની રિંગ વાગી. એ સાથે જ સ્વીકૃતિના મૂડમાં એકાએક પલટો આવ્યો.

'એક્સક્યુઝ મી, અંકલ' કહી પોતાનો ફોન લઈને સ્વીકૃતિ બહાર ચાલી ગઈ. તેની ચાલમાં અચાનક ઉત્સાહ અને ઉમંગ દેખાવા લાગ્યો. એવું લાગ્યું કે મૃતપ્રાય અવસ્થામાં પડેલી સ્વીકૃતિમાં ફોનની એક રિંગે જીવ ફૂંકી દીધો.

'યેસ, હી ઇઝ મિસિંગ મી. એ સૉરી કહેવા માંગતો હશે. મારી સાથે રહ્યા પછી જિમમાં મન કેવી રીતે લાગે?' એવું મનોમન વિચારતી સ્વીકૃતિ ઘરની બહાર પહોંચી અને સ્ક્રીન પર જોયું તો 'Mummy Calling' ફ્લૅશ થઈ રહ્યું હતું. એક જ ક્ષણમાં તમામ અરમાનો પડી ભાંગ્યાં.

'Desirable' હોવાની ઇચ્છા અને અનુભૂતિ દરેક મનુષ્યને નચાવે છે, જ્યારે સ્વીકૃતિ તો એક યુવાન છોકરી હતી. ડિમાન્ડમાં હોવાની ફીલિંગ જો એની સેલ્ફ-વર્થ નક્કી કરતી હોય, તો એમાં ખોટું શું છે? ગમે તેવો હૅન્ડસમ, અમીર કે 'આઉટ ઑફ ધ લીગ' કેમ ન હોય, એક તસતસતા ચુંબનથી ભલભલા છોકરાને પીગળાવી દેવાની તાકાત એક યુવાન સ્ત્રીમાં હોય છે. અને એ હકીકત સ્વીકૃતિ બહુ સારી રીતે જાણતી હતી. પણ વહેલી સવારે જે રીતે સુયશ એને ત્યજીને ચાલ્યો ગયેલો, એ વાસ્તવિકતા હજુય એને ગળે ઊતરતી નહોતી. તે હજુ પણ એ કારમા આઘાતમાંથી બહાર આવી શકી નહોતી.

તેણે મમ્મીનો ફોન રિસીવ ન કર્યો. તે અંદર ચાલી ગઈ. તેના માટે ગરમાગરમ ચા તૈયાર હતી. પણ જેના મનમાં ચાહતની ઝંખના હોય, એને ફક્ત ચા કઈ રીતે ગળે ઊતરે?

પરાણે કરવી પડેલી થોડી ઔપચારિક વાતો પછી સ્વીકૃતિએ હળવેથી કહ્યું, 'આન્ટી, મારે ધ્રુવીનું થોડું કામ છે.'

'જા, જગાડ એને. તું આવી છે, એ બહાને થોડી વહેલી ઊઠશે.'

■

ધ્રુવી પોતાના બેડરૂમમાં ઘસઘસાટ ઊંઘી રહી હતી. સ્વીકૃતિ એને જગાડે, એ પહેલાં જ સ્વીકૃતિનો ફોન ફરી એક વાર રણક્યો. 'કાશ, આ વખતે સુયશ હોય' એવી આશા સાથે તેણે સ્ક્રીન પોતાની આંખ સામે ધરી, પણ ફરી એક વાર 'Mummy calling' વાંચીને તેની આંખો નિસ્તેજ અને નિરાશ થઈ ગઈ.

સ્વીકૃતિને એ સમજતાં વાર ન લાગી કે લોકોની પસંદગી અને પ્રાથમિકતા બહુ જલદી બદલાઈ જાય છે. રાતના અંધારામાં ભલે ને એકબીજામાં પરોવાયેલાં હોય, સવાર પડતાંની સાથે જ પ્રેમીઓની પ્રાયોરિટીઝ બદલાઈ જતી હોય છે. કેટલાક સાથ

રાતના અંધારા પૂરતા સીમિત હોય છે. અજવાળું થતાંની સાથે જ લોકો પોતપોતાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત થઈ જાય છે. અને છોડી જાય છે... એકલતા. સૂનકાર. અને ખાલીપો.

તદ્દન એવો જ ખાલીપો હવે સ્વીકૃતિની અંદર પણ આળસ મરડીને બેઠો થઈ રહેલો. ઉદાસીનો એક નિયમ હોય છે. ઑર્ગેઝમ જેવો ક્ષણિક અને છેતરામણો આનંદ અનુભવીને જ્યારે એ પાછી આવે છે, ત્યારે પહેલાં કરતાં વધુ બિહામણી લાગે છે.

આ બાજુ ફોનની રિંગ વાગતી રહી. અને આ બાજુ હોલસેલ ભાવમાં નિરાશા લઈને આવેલી સ્વીકૃતિએ ધ્રુવીની બ્લૅન્કેટ ખેંચી.

'ઊઠ ને યાર જલદી. કામ છે તારું.' સ્વીકૃતિના અવાજમાં રુદન લગભગ પ્રવેશી ગયેલું.

અર્ધજાગૃત અવસ્થામાં અધખુલ્લી આંખો સાથે ધ્રુવીએ પૂછ્યું, 'કૃતિ તું? અત્યારમાં?'

'સવાલ નહીં કર. જલદી ફોન ઉપાડ.'

'કોનો છે?'

'મમ્મીનો.'

'પણ એ મને નીચેથી શું કામ ફોન કરે છે?'

'અરે ડફોળ, તારી મમ્મીનો નહીં, મારી મમ્મીનો.'

આ સાંભળીને ધ્રુવીની આંખો હવે સંપૂર્ણ ખૂલી ગઈ. તે ધીમે ધીમે આળસ મરડીને બેઠી થાય, એ પહેલાં ફોનની રિંગ બંધ થઈ ચૂકેલી.

'ઓ હેલો, આ બધું ચાલી શું રહ્યું છે?' પોતાના વાળ બાંધતાં બાંધતાં ધ્રુવીએ પૂછ્યું.

'અત્યારે લવારો ના કર. મમ્મીને ફોન લગાડ અને કહે કે કૃતિ વૉશરૂમમાં છે.' પછી થોડા ખચકાટ સાથે નજર નીચી કરીને સ્વીકૃતિએ કહ્યું, '...અને આગળ કંઈ પૂછે તો કહી દેજે કે ગઈ કાલ રાતે હું અહીંયાં તારી સાથે હતી.'

પોતે ક્યારેય ગંભીર ન રહી શકવા છતાં જેને પરિસ્થિતિની ગંભીરતા સમજતાં જરાય વાર નથી લાગતી, એવી જ કોઈ દુર્લભ સમજણને મિત્રતા કહેવાય છે. ધ્રુવીએ તરત જ સ્વીકૃતિનો ફોન હાથમાં લીધો. 'મમ્મી'ને ડાયલ કરીને, તેણે ફોન સ્પીકર પર મૂકી દીધો.

'ઊઠી કે નહીં? ઘરે ક્યારે આવવાની છે?' ફોન ઉપાડતાંની સાથે જ મમ્મીએ પોંખવાનું શરૂ કર્યું.

'હેલ્લો આન્ટી. ધ્રુવી બોલું છું.'

'ઓહ! હા, ધ્રુવીબેટા, બોલ.'

'ઍક્ચ્યુઅલી, કૃતિ વૉશરૂમમાં છે.'

'સારું, સારું. કંઈ અર્જન્ટ કામ નહોતું. એને કહેજે પછી ફોન કરે.'

'ઓકે આન્ટી. બાય'.

ફોન ડિસ્કનેક્ટ થતાંની સાથે જ બંને બહેનપણીઓએ રાહતનો શ્વાસ લીધો, પણ ધ્રુવીના પોલીસ સ્ટેશનમાં, સ્વીકૃતિની પૂછપરછ તો હજુ બાકી હતી.

'ક્યાં હતી આખી રાત?' ધ્રુવીએ આંખ મારીને પૂછ્યું. જવાબ આપવાને બદલે સ્વીકૃતિ નજર ફેરવી ગઈ.

'ઓહ કમ ઑન યાર, ઇટ્સ ઓકે. તારા અને આદિત્ય વચ્ચે સમાધાન થઈ ગયું હોય, તો એમાં આટલી ઉદાસ કેમ છે?' ધ્રુવીએ પૂછ્યું.

આદિત્યનું નામ સાંભળીને કૃતિની આંખોમાંથી કેટલાંક આંસુઓએ નીચે ઝંપલાવ્યું. મિત્રની સામે રડી શકવાનો વૈભવ દરેકના નસીબમાં નથી હોતો. સ્વીકૃતિ એ વૈભવ ગુમાવવા નહોતી માગતી, માટે ધ્રુવીની સામે તેણે પોતાના રુદનને ખુલ્લું મૂકી દીધું.

'હેય ડાર્લિંગ, શું થયું? આર યુ ઓકે?' સ્વીકૃતિના ગાલ પર હાથ ફેરવતાં ધ્રુવીએ પૂછ્યું.

'હું આદિત્ય સાથે નહોતી.'

'તો પછી?' સ્તબ્ધ થયેલી ધ્રુવી થોડી વાર માટે સ્થિર થઈ ગઈ.

'આઇ સ્લેપ્ટ વિથ સુયશ.' આંખોમાંથી ટપકતા અફસોસ સાથે સ્વીકૃતિએ કહ્યું.

'સુયશ... સુયશ ગજ્જર. પણ એ તો તારો બૉયફ્રેન્ડ પણ નથી!'

'હા, એ મારો બૉયફ્રેન્ડ નથી. છતાં એની સાથે સૂતી. બોલ, શું કરી લઈશ હવે? તુંય મને જજ કરવા જ બેઠી છે ને!'

'હું તને જજ નથી કરતી કૃતિ. ઇટ્સ જસ્ટ ધૅટ, મેં ક્યારેય વિચાર્યું નહોતું કે તું...'

'ગઈ કાલ સુધી તો મેંય નહોતું વિચાર્યું કે હું સુયશ સાથે...'

'ધૅટ્સ ફાઇન ડિયર. આદિ સાથેના બ્રેક-અપ પછી, તને કોઈકની જરૂર હતી.' સ્વીકૃતિના વાળ પર હાથ ફેરવતાં ધ્રુવીએ કહ્યું, 'એક નવો સંબંધ બંધાઈ રહ્યો છે ને! તો પછી રડે છે કેમ?'

'ન મજા આવી. બહુ ગંદું ફીલ થાય છે અત્યારે. જે રીતે વહેલી સવારે મને છોડીને એ જિમમાં ચાલ્યો ગયો, એવું લાગ્યું કે હું જાણે કોઈ રોજિંદા વપરાશની ચીજ હોઉં.'

'જો કૃતિ, પ્રામાણિકતાથી કહું તો ઇટ વૉઝ અ રૉન્ગ ચૉઇસ. તારા જેવી છોકરી સુયશ જેવા છોકરા સાથે...' એક ટૂંકો વિરામ લઈને ધ્રુવીએ કહ્યું, 'હું કલ્પના પણ નથી કરી શકતી. તેં એને આટલો આગળ કેમ વધવા દીધો? તું એને ડેટ કરતી'તી?'

સ્વીકૃતિએ નકારમાં માથું ધુણાવીને જવાબ આપ્યો, 'ના'.

'તો પછી? તું એના ઘરે ગઈ'તી અને અચાનક આ બધું બની ગયું કે...'

'અમે એક હોટેલમાં હતાં.'

ધ્રુવીનું મોઢું ખુલ્લું રહી ગયું. થોડી ક્ષણોના સન્નાટા પછી તેણે કહ્યું, 'તને ભાન નથી પડતું? જેની સાથે રિલેશનશિપમાં પણ નથી, એવા કોઈ છોકરા સાથે તું હોટેલ રૂમમાં ચેક-ઇન કરે છે અને અત્યારે આવીને મને ફરિયાદ કરે છે કે બહુ ગંદું ફીલ થાય છે?'

'લિસન યાર, ગુસ્સે નહીં થા ને!' લાચારી સાથે સ્વીકૃતિએ કહ્યું.

'અરે ગુસ્સે ન થાઉં તો શું કરું? તું કંઈ નાની બાળકી છે કે કોઈ તને ચૉકલેટની લાલચ આપીને સેક્સ્યુઅલી ઍબ્યુઝ કરી જાય અને તને ખબર પણ ન પડે...'

'સાંભળ તો ખરી...'

'શું સાંભળું યાર? ડોન્ટ સ્પ્રેડ યૉર લેગ્સ સો ઇઝિલી. કોઈના માટે આટલી સરળતાથી ઉપલબ્ધ નહીં થા.' અકળાઈ ગયેલી ધ્રુવી બેડ પરથી ઊભી થઈ ગઈ. પછી સ્વીકૃતિને સલાહ આપતાં આપતાં તે બેડરૂમમાં આંટા મારવા લાગી. માથું નીચું કરીને સ્વીકૃતિ ચુપચાપ તેની વાતો સાંભળતી ગઈ.

'હું અને યુવરાજ ત્રણ વાર ડેટ પર ગયાં છીએ. તેમ છતાં મેં એને કિસ પણ કરવા નથી દીધી. અને તું પહેલી જ મુલાકાતમાં એને શરણે થઈ ગઈ? મને તો એ જ નથી સમજાતું કે તે એની પ્રપોઝલ સ્વીકારી કેમ લીધી?'

એક લાંબા સન્નાટા પછી સ્વીકૃતિએ બૉમ્બ ફોડ્યો. તેણે હળવેથી કહ્યું, 'પ્રપોઝલ મારી હતી. રૂમ મેં બુક કરાવ્યો'તો.'

આ સાંભળતાંની સાથે જ ધ્રુવીના બેડરૂમનું વાતાવરણ થીજી ગયું. સૂન અને સ્તબ્ધ થઈ ગયેલી ધ્રુવી વિસ્ફારિત આંખો સાથે સ્વીકૃતિની સામે સ્ટૅચ્યુ બની ગઈ. એક બહેનપણીના તદ્દન વિચિત્ર અને વિકૃત વર્તનને કારણે ધ્રુવીના શરીરમાંથી એક કરંટ પસાર થઈ ગયો. 'શું પૂછવું? શું કહેવું?' તેને સમજાતું નહોતું. સવારના અજવાળામાં સ્વીકૃતિ એક પછી એક, ગઈ રાતના રહસ્યમય અંધકારને ખોલી રહી હતી. એવો

અંધકાર જે હજુય તેની અંદર કોઈ વિરાટ રાક્ષસની જેમ અટ્ટહાસ્ય કરીને પોતાનું કદ ફેલાવી રહ્યો હતો. એવો અંધકાર, જે કોઈ પણ ક્ષણે તેનો જીવ લઈ શકે તેમ હતો. કૉમ્પ્રેસ્ડ નૅચરલ ગૅસની જેમ ક્યારેક નાનકડા એવા મનમાં દબાણપૂર્વક ઠાંસી દીધેલાં ‘કૉમ્પ્રેસ્ડ નૅચરલ ઇમોશન્સ’ પણ ફ્યુઅલ જેવું જ કામ કરતાં હોય છે. એ ધીમે ધીમે બળ્યા કરે છે અને છતાં એના ધુમાડા ક્યાંય દેખાતા નથી. એ લાગણીઓ માણસને દોડાવ્યે રાખે છે, હંફાવ્યે રાખે છે અને કેટલાંક એવાં કામ કરવા માટે મજબૂર કરી દે છે, જે એક શિષ્ટ સમાજ માટે કલંક કે લાંછનરૂપ હોય છે. કોઈ અજાણ્યા પુરુષ સાથે ઇન્ટિમેટ થવાની સ્વીકૃતિની તાલાવેલી અને ઘેલછા, ધ્રુવીની સમજશક્તિની બહાર હતી. પણ એક વાત તો નક્કી હતી. સ્વીકૃતિનું આ વર્તન અસામાન્ય અને આશ્ચર્યજનક હતું.

બંને બહેનપણીઓ વચ્ચે સંધાયેલું મૌન તૂટે એ પહેલાં ફરી એક વાર સ્વીકૃતિનો ફોન રણક્યો. સુયશના નામની માળા જપી રહેલા મનમાં ફરી એક વાર આશા જાગી, પણ અધૂરા શ્વાસ અને ઉતાવળે પગલે સ્વીકૃતિ ફોન સુધી પહોંચી કે તરત જ એ આશા મરી પરવારી. એક તરફ સ્વીકૃતિ હજુ પણ સુયશના સ્વીકારનો પીછો કરી રહી હતી અને બીજી તરફ, તેનાં મમ્મી તેનો પીછો કરી રહ્યાં હતાં.

'મમ્મી'નું નામ વાંચતાંની સાથે જ અકળાઈ ગયેલી સ્વીકૃતિએ બેડ પર પોતાના ફોનનો ઘા કર્યો. પછી એક નજર ધ્રુવીના ચહેરા સામે કરી.

તીવ્ર આઘાતમાંથી રિકવર થઈ રહેલી ધ્રુવીએ કહ્યું, 'નૉટ અગેઇન. ઉપાડ અને તું જ વાત કર.'

મંદિરનાં પગથિયાં પર બેઠેલા કોઈ ભિખારીની જેમ હાથ જોડીને લાચાર આંખો સાથે સ્વીકૃતિએ કહ્યું, 'પ્લીઝ.' તેની આંખોમાંથી વરસી રહેલો ઝરમર વરસાદ હજુ અટક્યો નહોતો. આંખો ઝીણી કરીને તેણે કહ્યું, 'હું નહીં વાત કરી શકું'.

ગુસ્સા અને અવિશ્વાસ સાથે ધ્રુવીએ ફોન હાથમાં લીધો. રેડીમેડ બહાનાં અને પ્રસંગ અનુરૂપ ઊપજાવી કાઢેલા દંભ સાથે ધ્રુવીએ કહ્યું, 'હેલ્લો આન્ટી...'

'ના, ઍક્ચ્યુઅલી... એ હજુય વૉશરૂમમાં જ છે. કદાચ ટાઇમ લાગશે.' થોડી ક્ષણોના વિરામ પછી, 'ના ના આન્ટી, શી ઇઝ ફાઇન. તમે ચિંતા નહીં કરો. એ આવે એટલે કરાવું ફોન.'

આન્ટીનો ફોન કટ કરીને ધ્રુવીએ ફોનને હળવેથી બેડ પર મૂક્યો. પછી સ્વીકૃતિને કહ્યું, 'આન્ટીને ખબર પડી ગઈ હશે કે તું એમને અવૉઇડ કરે છે. એક અનડિઝર્વિંગ છોકરા સાથે સૂવા માટે તું તારાં મમ્મી સાથે...'

'તો શું કરું? તું કહેતી હો તો મરી જાઉં?' રડતાં રડતાં ચીસ પાડીને સ્વીકૃતિએ કહ્યું. તેનું રુદન ધીમે ધીમે ગતિ પકડી રહ્યું હતું.

'આમાં મરવાની વાત ક્યાં આવી?' ધ્રુવીએ સ્વસ્થતા અને શાંતિથી પૂછ્યું.

'જીવવા જેવું કંઈ બાકી નથી રાખ્યું.' અકળાયેલી સ્વીકૃતિએ ગુસ્સામાં કહ્યું.

'કૃતિ, તારી જિંદગીને તું નરક બનાવી રહી છે. ઍન્ડ બાય ધ વે, શું તું મને સમજાવી શકે કે આ સામે ચાલીને રાત વિતાવવા માટેની ઑફર પાછળ શું લૉજિક હતું?'

સ્વીકૃતિ ચુપ થઈ ગઈ. થોડા સમય માટે એક વિચિત્ર મૌન બંને વચ્ચે વહેતું રહ્યું. આ અકળામણભર્યું મૌન ધ્રુવીથી સહન થાય તેમ નહોતું. તેણે પૂછી જ નાખ્યું,

'આટલી બધી ડેસ્પરેટ થઈ ગઈ'તી? મતલબ કે જોયા - જાણ્યા વગર ગમે તેની સાથે સૂઈ જવાનું? નિમ્ફો થઈ ગઈ છે કે શું? વેર યુ ફીલિંગ સો હોર્ની કે તને એક મસ્ક્યુલર મેલ બૉડીની આટલી બધી તલપ લાગી ગઈ?'

'મને હતું કે મજા આવશે યાર...' મુશળધાર રુદન સાથે સ્વીકૃતિ જમીન પર બેસી પડી, 'કોઈકના સ્પર્શથી મને સારું લાગશે. કોઈકની છાતી પર માથું મૂકીશ, તો કદાચ જિંદગી ફરીથી રંગીન લાગશે. મરી જવાના વિચારો નહીં આવે. મારો કૉન્ફિડન્સ પાછો આવી જશે. મારો મૂડ સુધરશે.' એક ટૂંકા વિરામ પછી સ્વીકૃતિએ કહ્યું, 'પણ એની સાથે રાત વિતાવ્યા પછી મને વધુ ડિપ્રેસિંગ લાગે છે. મને હતું કે એ મને પ્રેમ અને કાળજીથી ભરી દેશે, પણ એ તો મને વધુ ખાલી કરતો ગયો.'

'તું એનામાં આદિત્યને શોધવાની ટ્રાય તો...'

'મને નથી ખબર. ઑનેસ્ટલી, નથી ખબર કે હું એનામાં આદિને શોધી રહી હતી, કે પછી ખોવાઈ ગયેલી મારી પોતાની જાતને.' સ્વીકૃતિની નજર બારીમાંથી દેખાતા અજવાળા પર સ્થિર થઈ ગઈ. 'મારી એ જાત, જે કશાય કારણ વગર ખુશ રહેતી, એ જાત જેને કોઈ ફ્રેન્ડ, બૉયફ્રેન્ડ કે કંપનીની જરૂર સુધ્ધાં ન પડતી. જે એકાંતમાં ગીતો ગાતી, અરીસામાં જોઈને હસતી, મમ્મી સાથે વાતો કરતી અને... સપનાં જોતી.'

સ્વીકૃતિનું વાક્ય પૂરું થતાંની સાથે જ રૂમમાં સન્નાટો છવાઈ ગયો. બંને બહેનપણીઓ થોડી વાર માટે એકબીજાના ચહેરા સામે જોઈ રહી. પછી ધ્રુવીએ હળવેથી પૂછ્યું,

'ખોવાઈ ગઈ એ પહેલાં એ જાતને છેલ્લે ક્યારે જોયેલી?'

કશુંક યાદ કરવાના નિષ્ફળ પ્રયત્ન પછી સ્વીકૃતિએ કહ્યું, 'યાદ નથી.'

'ડિપ્રેશનની દવા તો બરાબર લે છે ને?'

'દવા લઈ લઈને ક્યાં સુધી જીવન ટકાવી રાખવાનું? એના કરતાં તો મન થાય છે કે...'

'તેં મને પ્રૉમિસ કરેલું કે તું સુસાઇડના વિચારો નહીં કરે.'

'કાશ, વિચારો ન કરવા મારા હાથમાં હોત.'

'આજ પહેલાં, મેં તને ક્યારેય આટલી બધી લવ-સિક નથી જોઈ. એવું લાગે છે કે તને તાત્કાલિક કોઈકની જરૂર છે.'

કટાક્ષભર્યું સ્મિત કરીને સ્વીકૃતિએ કહ્યું, 'હવે સમજાઈ મારી ઑફર?'

'એ કંઈ ઉપાય કહેવાય? આદિત્ય સાથેના બ્રેક-અપમાંથી બહાર આવવા કે તારો મૂડ સુધારવા માટે કોઈની સાથે રાત વિતાવવી, એ કયા પ્રકારનું લૉજિક છે?'

'સલાહો ન આપ. તારો એક બૉયફ્રેન્ડ છે અને તારી રિલેશનશિપ અત્યારે સ્ટેબલ છે એટલે આ ડાહી ડાહી વાતો કરે છે.'

'ઓકે ધેન, યુ ટેલ મી. વૉટ નેક્સ્ટ? શું કરવું છે તારે?'

એક ઊંડો નિસાસો નાખીને સ્વીકૃતિએ કહ્યું, 'આઇ થિન્ક, આઇ નીડ અ બૉયફ્રેન્ડ.'

'ઍન્ડ આઇ થિન્ક, યુ નીડ અ થેરપિસ્ટ.'

'હવે તો એ જ બાકી રહ્યું છે. મારા સાઇકિયાટ્રિસ્ટને મારો બૉયફ્રેન્ડ બનાવી લઉં.'

'ડોન્ટ બી સાર્કેસ્ટિક, કૃતિ. પાર્ટનર બદલવાથી જિંદગી નહીં બદલાય. એ તો એની એ જ રહેશે.'

'તો તું કહે મને કે શું કરવાથી જિંદગી બદલાશે? મૂડ બદલાશે? જીવવાની મજા આવશે?'

'તારી સારવાર કરાવ.'

'છેલ્લા છ મહિનાથી ઍન્ટિ-ડિપ્રેસન્ટ લઉં છું. ન તો જિંદગીની દશા સુધરી છે, ન તો દિશા. ન પ્રેમ મળ્યો છે, ન પાર્ટનર. મારો ડૉક્ટર ત્રણ-ત્રણ દવાઓ બદલી ચૂક્યો છે. એકેય અસર નથી કરતી. બોલ, આ ડિપ્રેશનનો ઇલાજ છે તારી પાસે?'

ધ્રુવી ચુપ થઈ ગઈ. એના મોઢામાંથી શબ્દો એ રીતે ગાયબ થઈ ગયા જાણે કોઈ ઉદાસ વ્યક્તિના જીવનમાંથી આનંદ.

સ્વીકૃતિએ કહ્યું, 'ઓહ મૅડમ, સલાહો આપવી બહુ સહેલી છે. આમ નહીં કર, ને ફલાણું નહીં કર. તારી જાતને એક વાર મારી જગ્યાએ રાખી જો, તો ખબર પડશે કે આસપાસ કેટલો સૂનકાર અને અંધકાર વ્યાપેલો છે! આ અંધકારમય એકલતા દૂર કરવા માટે ધારો કે એક રાતે મેં કોઈ પુરુષને બોલાવી લીધો, તો કયું આભ ફાટી પડ્યું?'

'પ્રૉબ્લેમ એ નથી કૃતિ કે તેં કોઈ પુરુષને બોલાવી લીધો. પ્રૉબ્લેમ એ છે કે એના ગયા પછી તારી રાત વધારે ભયાનક થઈ ગઈ છે.'

પોતાના વિખરાયેલા વાળ પર નિરુદ્દેશે હાથ ફેરવતાં સ્વીકૃતિએ કહ્યું, 'મને ઊંઘની જરૂર છે. ઇફ યુ ડોન્ટ માઇન્ડ, તારા બેડ પર સૂઈ જાઉં?'

'અફકોર્સ, પણ એક શરતે. આન્ટી સાથે વાત કરી લે. પછી સૂઈ જા.' સ્વીકૃતિના હાથમાં ફોન પકડાવીને ધ્રુવી રૂમની બહાર ચાલી ગઈ.

ખૂબ બધા ખચકાટ, ડર અને અણગમા સાથે સ્વીકૃતિએ મમ્મીને કૉલ કર્યો. ફોન ઉપાડતાંની સાથે જ સામેના છેડેથી એક ટિપિકલ અને અપેક્ષિત રિસ્પૉન્સ સાંભળવા મળ્યો.

'ક્યારે આવે છે?'

'આવું છું થોડી વારમાં.'

'થોડી વાર એટલે? કૃતિ, તું ગઈ કાલ રાતથી ઘરની બહાર છે. હવે તો તારું નાઇટ-આઉટ પણ પતી ગયું છે. તો હવે શેની વાર?'

'અરે મમ્મી, તું ઇરિટેટ ન કર યાર. આવું છું કીધું ને!'

'મમ્મી સાથે કોઈ આવી રીતે વાત કરે?'

'પણ હું આવી જઈશ ને, મારી મેળે.'

'હું તને ખાલી એટલું જ પૂછું છું કે તું ક્યારે આવીશ?'

'શું કરું ઘરે આવીને? પપ્પાનું ચઢેલું મોઢું જોઉં?'

'તું કઈ રીતે વાત કરે છે? ઘરે નથી આવવું? તો ત્યાં જ રહેવા ચાલી જા. ધ્રુવીનાં મમ્મી-પપ્પા વધારે ગમતાં હોય, તો ત્યાં જ રહે ને!'

'ક્યાંની વાત ક્યાં લઈ જાય છે? આવાં એક્સ્ટ્રીમ સ્ટેટમેન્ટ કરવા જરૂરી છે?'

'મારી એકની એક દીકરી છેલ્લા પંદર કલાકથી મારાથી દૂર હોય, અને હું એના ઘરે આવવાની રાહ જોતી હોઉં, તો શું એ વધારે પડતું કહેવાય?'

'તું ઇમોશનલ બ્લૅકમેઇલિંગ ન કર.'

'તારા માટેની લાગણી તને બ્લૅકમેઇલિંગ લાગે છે?'

'મમ્મી પ્લીઝ, આઇ નીડ સમ સ્પેસ. તું વારેવારે ફોન કરે, એ મને નથી ગમતું.'

'તારી ચિંતા થાય છે બેટા.' મમ્મીનો અવાજ ગળગળો થયો.

'અરે યાર... તું સમજતી કેમ નથી?' સ્વીકૃતિના અવાજમાં લાચારી અને અકળામણ હતી. થોડી ક્ષણોના વિરામ પછી તેણે કહ્યું, 'મારાં ક્લિનિક્સ પતાવીને બપોરે લંચ માટે ઘરે આવી જઈશ. બસ?'

'શું બનાવું?'

'તને જે ઇચ્છા થાય તે. ચાલ, મૂકું? બપોરે મળીએ. બાય.' મમ્મીનો ફોન કટ કરીને સ્વીકૃતિએ રાહતનો શ્વાસ લીધો.

પણ તેને હજુય સમજાતું નહોતું કે આ બેચેની પાછળનું કારણ શું છે? એને અંદરથી ધીમે ધીમે જે કોતરી રહ્યું છે, એ છે શું? આ બૉયફ્રેન્ડની તલપ છે કે પછી અંદર રહેલા ખાલીપાનો ઢંઢેરો? કોઈનો સાથ મેળવી લેવાની ઝંખના છે કે પછી જાતથી ભાગવાનું ષડ્યંત્ર? મૃત્યુને ગળે લગાડવાની ઇચ્છા છે કે પછી જિંદગીથી દૂર ભાગવાની મજબૂરી? ફિક્કા પડી ગયેલા ચહેરા અને સોજી ગયેલી આંખો સાથે આવું બધું વિચારતી સ્વીકૃતિ, બારીની બહાર જોઈ રહી હતી. એ જ સમયે રૂમમાં ધ્રુવીની એન્ટ્રી થઈ.

'તું હજુ સૂતી નથી?'

'ખબર નહીં યાર, ઊંઘ આવશે કે નહીં?'

સ્વીકૃતિના ચહેરા પર હાથ ફેરવીને ધ્રુવીએ કહ્યું, 'યુ નીડ સમ રેસ્ટ. આરામ કર.'

'ગિલ્ટનો ઢગલો ખડકીને ઊભી છું. જેઓ અપરાધ ભાવથી પીડાતા હોય, તેઓ આરામ નથી ભોગવી શકતા.'

'આટલી વારમાં એવું તો કયું નવું ગિલ્ટ ભેગું કરી આવી?'

'મમ્મી આગળ જુઠ્ઠું બોલવાનું.' સ્વીકૃતિએ સજળ આંખો સાથે કહ્યું.

'મને ખરેખર તારી ચિંતા થાય છે.' ગંભીર ચહેરા સાથે ધ્રુવીએ કહ્યું.

બપોરનો એક વાગવા આવેલો. સ્વીકૃતિની ઊંઘ મમ્મીના ફોનની રિંગ વાગતાં જ ઊડી ગઈ. ઊંઘ ઊડી ગયા પછી પણ સ્વીકૃતિએ ફોન રિસીવ ન કર્યો. 'શું જવાબ આપીશ?' એવો વિચાર કે ડર જ મનુષ્યને કેટલાક વાર્તાલાપ ટાળવા મજબૂર કરી દે છે. હકીકતમાં એ ડર વાર્તાલાપનો નહીં, પ્રશ્નોત્તરીનો હોય છે, ખાસ કરીને જ્યારે મનુષ્ય આત્મવિશ્વાસની ગંભીર ઊણપથી પીડાઈ રહ્યો હોય ત્યારે.

ઉદાસ હોય ત્યારે માણસ વાર્તાલાપથી દૂર નથી ભાગતો, પ્રશ્નોથી દૂર ભાગે છે. એવા વિચિત્ર પ્રશ્નો, જે એને ત્રસ્ત કરી મૂકે છે, કારણ કે એમાંથી અડધાના જવાબો એને ખબર નથી હોતી, અને બાકીના અડધા આપવાની એનામાં હિંમત નથી હોતી. આ જ કારણ છે કે ઉદાસી દરમિયાન સૌથી વધારે માનવ સંપર્ક ઝંખતો માણસ વિરોધાભાસી રીતે, લોકોથી દૂર થતો જાય છે.

સ્વીકૃતિએ ઠંડા પાણીથી મોઢું ધોયું. ઉદાસીના હેન્ગઓવરને ખંખેરવાનો એક પ્રામાણિક પ્રયત્ન કરીને છેક મધ્યાહ્નને પોતાના 'દિવસ'ની શરૂઆત કરી. સંપૂર્ણ જાગૃત અવસ્થામાં પહોંચી ગયા પછી તેણે મમ્મીને ફોન કર્યો.

મિત્રો અને સમાજ પાસેથી શીખેલા ઢોંગ અને કૃત્રિમતાનો લેપ લગાડીને તેણે કહ્યું, 'ક્લિનિક્સમાં હતી મમ્મી. જસ્ટ ફ્રી થઈ. બસ, હવે ઘરે જ આવું છું.'

'આવ જલદી. તારી ફેવરીટ દાલ-બાટી બનાવી છે.' મમ્મીએ કહ્યું.

સમાજથી ઈજાગ્રસ્ત થયેલો માણસ મલમ લગાડવા ઘરે પહોંચે છે? કે પછી ઘરમાં આઘાત પામેલો માણસ રાહતની શોધમાં સમાજ પાસે પહોંચે છે? એ હજુય એક રહસ્ય છે. પીડા અને રાહતના સરનામાની ક્યારેક અદલાબદલી થઈ જતી હોય છે. અને એ ઘટના મનુષ્યને દોડતો રાખે છે. સ્વીકૃતિ પણ દોડીને પોતાના ઘરે પહોંચી ગઈ.

■

'આવી ગઈ?' મમ્મીએ ઉમળકાભેર સ્વીકૃતિનું સ્વાગત કર્યું. ૪૫ વર્ષની ઉંમરે પહોંચેલી સ્વીકૃતિની મમ્મી અપર્ણા હજુ આજે પણ એટલી જ સુંદર અને આકર્ષક

લાગતી, જેટલી એની યુવાનીમાં. તે હંમેશાં સજીધજીને અપ-ટુ-ડેટ રહેતી. શણગાર તેને પસંદ હતો. પોતાના દેખાવ અને દેહાકૃતિ પ્રત્યે તે હંમેશાં સભાન અને સજાગ રહેતી.

'આવું હોં હમણાં ફ્રેશ થઈને.' અપર્ણાને ગળે મળવાને બદલે પોતાનું શરીર અને મન સ્વચ્છ કરવા સ્વીકૃતિ પોતાના રૂમમાં ચાલી ગઈ. થોડી વાર પછી ડાઇનિંગ ટેબલ પર આવી.

'વાઉ, દાલ-બાટી? થૅન્ક યુ સો મચ.' સ્વીકૃતિ અપર્ણાને વળગી પડી. અને પછી તરત જ અપર્ણાના પ્રશ્નો સ્વીકૃતિને વળગી પડ્યા.

'શું કર્યું આખી રાત?'

'વાતો...' થોડું વિચારીને સ્વીકૃતિએ જવાબ આપ્યો.

'આટલી બધી વાતો? આખી રાત? એવી તો શું વાતો કરી?' મમ્મીના પ્રશ્નોથી સ્વીકૃતિનો અણગમો વધી રહ્યો હતો, પણ કેટલીક મમ્મીઓ સંતાનને કોઈ પણ પ્રશ્ન પૂછી શકવો એ પોતાનો હક સમજતી હોય છે. કમનસીબે, પ્રશ્નો ટાળવાના ભાગરૂપે ક્યારેક સંતાનો મમ્મી કે પપ્પાને ટાળવાનું શરૂ કરી દે છે.

'કોઈ સ્પેસિફિક નહીં... જનરલ બધું...' સ્વીકૃતિએ વાત ટાળવાનો પ્રયત્ન કર્યો. અને તરત જ વાતનો વિષય બદલી નાખ્યો, 'પપ્પાએ જમી લીધું?'

'ઈ ને એમનું શૅરબજાર.' લમણા પર હાથ દઈને અપર્ણાએ કહ્યું, 'હું તો ક્યારની બોલાવું છું જમવા માટે, પણ મારો અવાજ તો એમને સંભળાય છે જ ક્યાં? જા, તું જઈને ટ્રાય કર તારા કીધે આવે તો!'

સ્વીકૃતિ પપ્પાને બોલાવવા ઊભી થઈ અને થોડાં જ ડગલાં આગળ ચાલી ત્યાં અપર્ણાએ તેણે રોકી. 'કૃતિ...'

'હા, બોલ' સ્વીકૃતિએ પાછું વળીને જોયું.

'બધું બરાબર છે ને?' અપર્ણાએ આંખો ઝીણી કરીને પૂછ્યું.

'અફકોર્સ મમ્મી. કેમ એવું પૂછે છે?'

'તું આખી રાત ઘરની બહાર હતી. સવારે પણ ન આવી. અને અત્યારે પણ, તારા ચહેરા પર થાક દેખાય છે.'

'એવરીથિંગ ઇઝ ફાઇન. ચિંતા નહીં કર.' બનાવટી સ્મિત કરીને સ્વીકૃતિએ કહ્યું. પછી પપ્પાને બોલાવવા ચાલી ગઈ.

સુધાકરરાય પોતાના લૅપટૉપમાં ખૂંપેલા હતા. કોઈ સ્ટૉક માર્કેટ ઍનૅલિસિસમાં ખોવાઈ ગયેલા સુધાકરરાયની વ્યસ્તતા જોઈને બપોરનો તડકો બારીમાંથી ફક્ત બે ઇંચ

અંદર આવીને અટકી ગયેલો. એવા સમયે એમના રૂમમાં થોડા ગભરાટ સાથે સ્વીકૃતિ પ્રવેશી. એક પિતા અને દીકરી વચ્ચેના સંબંધની એ સૌથી દયાજનક અવસ્થા હોય છે જ્યારે પિતાના રૂમમાં પ્રવેશતી દીકરીના મનમાં ખચકાટ હોય, ખિલખિલાટ નહીં.

'પપ્પા...' સ્વીકૃતિએ હળવેથી કહ્યું.

'હંમમ' કામમાં વ્યસ્ત થઈ ગયેલા સુધાકરરાયે દીકરી સામે જોવાની તસ્દી પણ ન લીધી.

'કેમ છો?' પપ્પાની નજીક આવીને સ્વીકૃતિએ પૂછ્યું.

'બસ જો, કામ ચાલે છે.' સુધાકરરાયની નજર હજુય લૅપટૉપની સ્ક્રીનમાં જ કેદ હતી. એ પિતા કેટલો કમનસીબ હશે જેની દીકરી બાજુમાં વાત કરવા માટે ઊભી હોય અને એનું ધ્યાન કોઈ ક્ષુલ્લક દુન્યવી બાબતમાં બંધક થઈને પડ્યું હોય.

'શું કરો છો એમ નહીં, મેં પૂછ્યું કેમ છો?'

કશો જ જવાબ ન મળ્યો. દીકરીની હાજરીને અવગણી સુધાકરરાય પોતાનું કામ કરતા રહ્યા. પિતા સાથે વાત કરવાની જીદ પર સવાર, સ્વીકૃતિ પણ ત્યાં જ ખોડાયેલી રહી. સ્વીકૃતિને દાલબાટી કરતાં વધારે ભૂખ પપ્પાના અટેન્શનની હતી. થોડી ક્ષણોના ઑક્વર્ડ સાઇલન્સ પછી સુધાકરરાયે પોતાની નજર લૅપટૉપમાંથી બહાર કાઢી. સ્વીકૃતિ સામે જોયું અને પૂછ્યું,

'બોલ ને, શું હતું?'

'જમવું નથી? મમ્મીએ આપણી ફેવરીટ દાલબાટી બનાવી છે.'

'અરે હા, ભૂખ તો લાગી છે, પણ થોડું કામ પતાવી લઉં.'

'ચાલોને સાથે જમીએ. કેટલાય દિવસોથી આપણે સાથે નથી જમ્યા.'

'હંમ...' ટૂંકો પૉઝ લઈને સુધાકરરાયે ફરીથી એમની નજર લૅપટૉપના કબજામાં સોંપી દીધી, 'લંચ રાહ જોઈ શકે છે, માર્કેટ નહીં. તું જમી લે.'

'હું તમારી રાહ જોઉં છું.' કહીને સ્વીકૃતિ રૂમમાંથી ચાલવા લાગી.

'મહેરબાની કરીને મારી રાહ ન જોતી. માર્કેટ બંધ થવામાં છે. મને વાર લાગશે. અપર્ણાને કહેજે કે હું પછી મોડેથી, મારી રીતે જમી લઈશ.'

આ સાંભળીને સ્વીકૃતિ એક સેકન્ડ અટકી અને પછી ચુપચાપ રૂમમાંથી નીકળી ગઈ. વિચારોના વમળમાં ફસાયેલી સ્વીકૃતિ પોતાની ભારેખમ લાગણીઓ લઈને ડાઇનિંગ ટેબલની એક ખુરશી પર બેઠી. અફસોસ, ડાઇનિંગ ટેબલ પર ફક્ત ભૂખની

સારવાર થાય છે, ભંગાણની નહીં. સ્વીકૃતિને સમજાતું નહોતું કે આ ડાઇનિંગ ટેબલની સાથે આટલી બધી નકામી ખુરશીઓ શું કામ આવતી હશે? રાઇટિંગ ટેબલ કે ડ્રેસિંગ ટેબલની જેમ ફક્ત એક ખુરશી હોય તો ન ચાલે? ખાલી ખુરશીઓ સાથે જમવાથી ખાલીપો થોડો વધારે અનુભવાય છે. એકલતાનો અહેસાસ થાય છે. એના કરતાં, એક જ ખુરશી-ટેબલ સારાં. આસપાસમાં ખાલી ખુરશી જ ન હોય, તો એ ભરવાની મિથ્યા મથામણ કે અપેક્ષામાંથી તો છુટકારો મળે!

'એ તો આવશે એના ટાઇમે. તું તારે જમવાનું ચાલુ કર.' અપર્ણા રસોડામાંથી બહાર આવી.

સ્વીકૃતિ પોતાની સામે પડેલી ખાલી થાળીને તાકતી રહી. એ સુયશ હોય કે સુધાકર, એક પુરુષના વિચિત્ર વર્તનમાંથી રિકવર થતાં એક સ્ત્રીને થોડો સમય લાગે છે.

'કયા વિચારમાં ખોવાઈ ગઈ?' નજીક આવીને અપર્ણાએ પૂછ્યું, 'બેટા, જમવા માંડ. ખાવાનું ઠંડું થઈ જશે.'

સ્વીકૃતિએ હળવેથી પોતાની નજર મમ્મીના ચહેરા સામે કરી અને કહ્યું, 'પપ્પાના રિસ્પૉન્સ જેટલું ઠંડું નહીં થાય.'

'માર્કેટના ટેન્શનમાં હશે! તું એની વાતનું ખરાબ ન લગાડ.' બાજુની ખુરશી પર બેસીને અપર્ણાએ કહ્યું, 'હું જમું છું ને તારી સાથે.'

'મમ્મી, થોડા રૂપિયા જોઈતા'તા.' બાટીનો ભુક્કો કરતાં કરતાં સ્વીકૃતિએ કહ્યું.

'કેટલા?' અપર્ણાએ પૂછ્યું.

'દસેક હજાર.'

'દસ હજાર?' અપર્ણાએ આશ્ચર્ય સાથે પૂછ્યું, 'હજુ ગયા અઠવાડિયે તો સાત હજાર આપ્યા'તા.'

'વપરાઈ ગયા.' બાટી પર દાલ રેડતી સ્વીકૃતિએ કહ્યું.

'શૉપિંગ કર્યું? શું લીધું?'

'અરે ના! પાર્લરમાં ગઈ'તી. ત્યાં ખર્ચાઈ ગયા.'

'શું હું જાણી શકું કે પાર્લરમાં તેં એવું તો શું કરાવ્યું કે તારા સાત હજાર રૂપિયા ખર્ચાઈ ગયા?'

અપર્ણાના પ્રશ્નોની સાથે સ્વીકૃતિની અકળામણ વધતી જતી હતી. તેણે અકળાઈને કહ્યું, 'ફેશિયલ કરાવ્યું, હેર સ્પા કરાવ્યું, વૅક્સિંગ કરાવ્યું....'

'વૅક્સિંગ ક્યાં કરાવ્યું? હાથ પગ સિવાય પણ ક્યાંય...'

'ઓહ કમ-ઑન મમ્મી, બંધ કર તારા પ્રશ્નો.' ગુસ્સે થઈને સ્વીકૃતિ ટેબલ પરથી ઉભી થઈ ગઈ. 'રૂપિયા ન આપવા હોય તો ના પાડી દે, પોલીસની જેમ સવાલો ન પૂછ.'

'મા છું તારી...'

'તો એક માની જેમ બિહેવ કર ને! કોઈ જાસૂસ જેવું શું કામ વર્તે છે? જ્યારે પણ તારી સાથે વાત કરું છું ત્યારે કોઈ પોલીસ ઇન્ટરોગેશનમાં બેઠી હોઉં એવું લાગે છે.'

'તારી મા અને પોલીસ વચ્ચે તને કોઈ જ ફેર નથી દેખાતો?' અપર્ણાએ લાગણીશીલ થઈને પૂછ્યું.

'હવે પ્લીઝ, આ સેન્ટી થવાનું બંધ કર. તું વાત વાતમાં પ્રશ્નો પૂછે છે, એ નથી ગમતું મને.'

'નહીં પૂછું. જમવાનું તો પૂરું કર.'

સ્વીકૃતિ પોતાની ખુરશી પર આવીને બેઠી. મમ્મીના સવાલો પ્રત્યેનો અણગમો હજુય તેના ચહેરા પર સ્પષ્ટ વંચાતો હતો. થોડી ક્ષણો સુધી મા-દીકરી ચુપચાપ જમતાં રહ્યાં. પછી હળવેથી અપર્ણાએ કહ્યું,

'એટલે જ મારે તને ડૉક્ટર બનાવવી છે. આર્થિક રીતે સ્વતંત્ર. એક વાર તું કમાતી થા, પછી તારે જ્યાં અને જેટલા ખર્ચવા હોય એટલા ખર્ચી શકે.'

કશો જ જવાબ આપ્યા વગર સ્વીકૃતિ ચુપચાપ જમતી રહી. એ અપરાધભાવ હોય કે મનામણાં, અપર્ણાનો મૉનોલૉગ ચાલુ રહ્યો.

'આમ પણ, હવે પાર્લરવાળાએ ભાવ કેટલા વધારી દીધા છે! અને તું ક્યાં બીજા કોઈ ખોટા ખર્ચા કરે છે? હું હમણાં તને G-pay કરી દઉં છું.'

મમ્મીની વાતો અવગણીને જમતાં જમતાં સ્વીકૃતિએ પોતાનો ફોન અનલૉક કર્યો. વૉટ્સ-ઍપ ખોલીને આદિત્યનું DP (Display Picture) જોવાનો પ્રયત્ન કર્યો, પણ કશું જ દેખાયું નહીં. હકીકતમાં સ્વીકૃતિ એ જોવા માગતી'તી કે આદિત્યે તેને અનબ્લૉક કરી કે નહીં? નિરાશ થયેલી સ્વીકૃતિએ પછી આદિત્યની જગ્યાએ ધ્રુવી અને સુયશને 'Hi'નો મેસેજ મોકલી દીધો. તેની સાથે કૉલેજમાં ભણતા બીજા ત્રણ છોકરાઓને પણ 'Hi'નો મેસેજ મોકલી દીધો. પછી દાલ-બાટીનો ફોટો પાડ્યો અને પોતાની વૉટ્સ-ઍપ સ્ટોરીમાં શૅર કર્યો.